રાજય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન
યોજનાની સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વનપ-૧૦૨૦૧૩-૮૦૪૮૦૫-ન.બા.૬-છ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૩૧/૭/૨૦૧૪.

વંચાણે લીધા:- 3 1 JUL 2014

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧-૭-૧૯૯૫ નો ઠરાવ ક્રમાંક:વનપ-૧૦૯૫-૪૪૧-છ.૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૫-૧૧-૨૦૧૩ નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/નવી બાબત./૨૦૧૩-૧૪/૨૬૮

**પ્રસ્તાવના:**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની નિરાધાર વૃધ્ધ સહાય માટે રાજ્ય સરકારની યોજના તા.૧.૪.૧૯૭૮ થી અમલમાં છે. હાલની મોંઘવારીમાં અને નાણાંના મૂલ્યને ધ્યાનમાં રાખી અત્યારે જે સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરવો જરુરી છે. તા.૧-૭-૧૯૯૫ થી રૂ.૭૫/- ની સહાયમાં વધારો કરી રૂ.૨૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. છેલ્લા ૧૫ વર્ષથી આ સહાયમાં કોઇ જ વધારો કરવામાં આવેલ નથી.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અન્વયેના રાજય સરકારના તા.૧-૭-૧૯૯૫ના ઠરાવથી રૂ.૨૦૦ ની સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવાની જરુરીયાત જણાયેલ હોઇ, વંચાણે લીધેલ ક્રમ (૨)ના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે સને ૨૦૧૪-૨૦૧૫ના અંદાજપત્રમાં નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારની નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનાની સહાયની રકમ રૂ.૨૦૦/- થી વધારી રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પુરા) કરવા નીચે મુજબની શરતોને અધીન પ્રસ્તુત નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરત:

(૧) પ્રસ્તુત નવી બાબતનો અંદાજપત્રના પ્રકાશન નં.૨૪-૧, પૃ.૧૨૪ તથા નં.૨૪-૨, પૃ.૩૧૬ તથા નં.૨૪-૪, પૃ.૫૨૫ ઉપર જોગવાઇ કરવામાં આવેલ છે, પરંતુ નાણા વિભાગ દ્વારા માંગણી નં.૯૨, રકમ રૂ.૧૫૩૮.૦૫ લાખ, માંગણી નં.૯૫, રકમ રૂ.૧૯૮.૧૭ લાખ અને માંગણી નં.૯૬, રકમ રૂ.૪૦૫.૭૨ લાખ મળી કુલ રૂ.૨૧૪૧.૯૪ લાખની મંજૂરી આપવામાં આવેલ હોઇ તેટલી રકમની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયેના કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) ભારત સરકારના ફાળા અન્વયે કરવાની થતી બજેટ જોગવાઇ અલગ રીતે કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરાવોનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૦૧-૦૮-૨૦૧૪ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૨, ૯૫, ૯૬ના સદરે કરાયેલ જોગવાઇમાંથી ઉપર ક્રમ (૧)માં જણાવ્યા મુજબની મર્યાદામાં મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૪.૬.૨૦૧૪ની નોંધથી મળેલ સમંતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુરેશ કાનાબાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી. (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, , ગાંધીનગર સચિવાલય.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ/કોર્પોરેશનો.
- વિકાસ કમિશનરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ,
- નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે મામલતદારશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ.
- બ- શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ફાઇલ નં. વનપ-૧૦૨૦૧૩-૮૦૪૮૦૬-ન.બા.૭-છ માં રેકર્ડ સારૂ.
- ફાઇલ નં. વનપ-૧૦૨૦૧૩-૮૦૪૮૦૭-ન.બા.૮-છ માં રેકર્ડ સારૂ.
- સિલેકટ ફાઇલ.